# શાળાઓ ખુલ્યા પછી પણ ખાનગી સંચાલકોની હાલત કફોડી

### સાબરકાંઠા-અરવલ્લીમાં વાલીઓ દ્વારા બાકી ફી ભરવામાં વિલંબ : કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફા, અરવલ્લીમાં ૧ વર્ષથી આરટીઈ પ્રવેશની ૨૫ ટકા ફી પણ બાકી

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લીમાં ધો. ૬ થી ૧૨ ની શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ છે. ૧૭-૧૮ મહીના પછી શિક્ષણકાર્ય શરૂ થતાં ખાનગી શાળા સંચાલકોને જૂની બાકી ફી આવશે તેવી ધારણા મોટાભાગે ખોટી સાબિત થઈ છે. વિદ્યાર્થી-વાલીઓને ફી માટે વારંવાર રીમાઈન્ડ કરવા છતાં ફી ન ભરતા સપ્ટેમ્બર મહીનાના કર્મચારીઓને પગારના ફાંફા થવાનો ડર ખાનગી શાળા સંચાલકોને સતાવી રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકો મુદ્દે સરકાર દ્વારા ફી માફી સહીતના અનેક બુસ્ટર ડોઝ અપાતાં ખાનગી શાળાના સંચાકો આર્થિક રીતે તૂટી રહ્યા છે. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયુ પરંતુ મોટાભાગના વાલીઓએ શાળાઓ શરૂ થયાના ૧ થી દોઢ મહીના પછી પણ જૂની બાકી ફી ન ભરતાં ખાનગી શાળા સંચાલકોની મુંજવણ વધી છે.

અગાઉ શાળાઓ બંધ હતી ત્યારે પણ ખાનગી શાળા સંચાલકોએ કર્મચારીઓને નિયમીત પગાર આપી મોટુ આર્થિક ભારણ ઉપાડ્યુ હતુ. શાળાઓ શરૂ થયા પછી ફી આવશે તેવી અપેક્ષા હતી પરંતુ ખાનગી શાળા સંચાલકોના જણાવ્યા અનુસાર માંડ ૧૦ થી ૧૫ ટકા ફી આવી છે અને કર્મચારીઓના પગાર, વીજળીબીલ મકાન ભાડાના ખર્ચ પૂરા કરતા વ્યાજે પૈસા લીધા હતા તેનું પણ ભારણ વધી રહ્યુ છે. વાલીઓ પણ ખાનગી શાળા સંચાલકોની વેદના સમજી ફી ભરે તે જરૂરી છે. અરવલ્લીમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ મફત પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની બાકી ૨૫ ટકા ફી પણ સંચાલકોને આપવામાં ન આવતા નારાજગી વ્યાપી છે.

## કોરોના અંકુશમાં : સાબરકાંઠા-અરવલ્લીની પ્રજા નવરાત્રિ-દિપાવલી પર્વમાં સાવધાની રાખે

બાયડ, તા. ૨૨

પ્રજાની જાગૃતતા, કોરોના વેક્સીન માટે તંત્રની ગંભીરતાના કારણે સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોના સંક્રમણ કાબુમાં છે. પરંતુ પ્રજાએ નવરાત્રિ-દિપાવલી પર્વ સુધી સાવધાની રાખવામાં આવે તો કોરોના સામેનો જંગ આસાનીથી જીતી શકાશે.

**ખાનગી હોસ્પિટલમાં શંકાસ્પદ કેસ**

પ્રાપ્ત વિગતો અનુસાર જિલ્લામાં કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવતાં ભયના ઓથાર હેઠળ આવેલી પ્રજાએ સંપૂર્ણ સાવધાની, વેક્સીનેશનની ગંભીરતા સમજી લેતાં મોડે મોડે તેના સારા પરિણા મળી રહ્યા છે. કોરોનાએ પ્રજાને આર્થિક પાયમાલ કરવાની સાથે તમામ ધંધા-રોજગારની કેડ ભાંગી નાંખી છે. ગણેશ પર્વથી હવે ધંધા રોજગાર ધીમે ધીમે જામી રહ્યા છે.

ખરીફ વાવેતરને જીવનદાન આપનાર વરસાદ અને કોરોનાનું સંક્રમણ ધીમુ પડતા હવે તમામ સ્થિતિ પ્રજા-ખેડૂત-વેપારીવર્ગની તરફેણમાં આવી રહી છે. એક રીતે ખરાબ દિવસો હવે પૂરા થઈ સારા દિવસોની શરૂઆત થઈ રહી છે. જિલ્લામાં કોરોના સંક્રમણ કાબુમાં હોવાના દાવા વચ્ચે ખાનગી હોસ્પિટલોમાં શંકાસ્પદ કેસ હોવાની ચર્ચા છે. જ્યારે વાઈરલ બિમારી પણ કેટલાક લક્ષણો કોરોના જેવા હોવાથી ડોક્ટરો ગોથે ચઢી રહ્યા છે અને રીપોર્ટ ન આવે ત્યાં સુધી કશુ કહેવા તૈયાર નથી. ગામડાંમાં વાઈરલ બિમારીએ તરખાટ મચાવવાની શરૂઆત કરી છે પરંતુ કોરોના નથી જ તેવા કેટલાક તબીબોના દાવાથી બિમારીમાં સપડાયેલી પ્રજાને રાહત થઈ રહી છે.

## બાયડ વિધાનસભાની ચૂંટણીમાં ટિકીટ મારા ખિસ્સામાં !! આવું સમજનાર મહત્વાકાંક્ષીની ભાજપા હવા કાઢશે

### મનસ્વી કામગીરીથી ભાજપાના આગેવાનો નારાજ હોવાની ચર્ચા

હિંમતનગર, તા. ૨૨

બાયડ વિધાનસભાની ચૂંટણીમાં ટિકીટ મારા ખિસ્સામાં !! આવું સમજનારા મહત્વાકાંક્ષીની ભાજપા હાઈકમાન્ડ હવા કાઢી નાંખશે તેમાં બે મત નથી, વિધાનસભા મતક્ષેત્રના કાર્યકરો-પ્રજાને ગમતો ઉમેદવાર પણ મળશે... છેલ્લા કેટલાક સમયથી મનસ્વી કામગીરી કરતા ટીકીટ વાંચ્છુકના વાણી-વર્તન-લેબાશથી ભાજપાના આગેવાનો નારાજ હોવાની ચર્ચા છે.

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં કાર્યકરો-મતદારોની લાગણીઓ સાથે વર્ષોથી છેડછાડ થઈ રહી છે. આયાતી ઉમેદવારો મુકી અને ચૂંટણી જીતી ગયા પછી તું કોણ અને હું કોણનો ખેલ શરૂ થાય છે. સર્વાધીક ઓ.બી.સી. મતદાર ધરાવતી બાયડ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસ દ્વારા ઈતિહાસમાં પેટા ચૂંટણીમાં પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતારી જીત મેળવતા હવે જાતિવાદ ભૂતકાળ થયો છે તે જોતાં બાયડ બેઠક ઉપર જાતિવાદનું ભૂત ન ધુણવા દેવામાં શક્તિશાળી પટેલ ઉમેદવારને ભાજપા મેદાનમાં ઉતારે તેવી સંભાવના છે. પરંતુ અત્યારથી એક મહાશયે ભાજપાએ મને ટીકીટ આપ્યા વગર છૂટકો જ નથી !! તેવા ઘમંડમાં આવી હરવા ફરવાની શરૂઆત કરી છે. ભાજપા આવા ઘમંડીને ટીકીટ આપશે તો ફરી અગાઉની ચૂંટણી જેવું પુનરાવર્તન થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આવનારા દિવસોમાં ભાજપા કાર્યકરો આવા ઘમંડી ભાવિ ઉમેદવાર સામે ખુલ્લેઆમ જંગે ચઢશે તે દિવસો પણ દૂર નથી.



## રાજ્યના વનમંત્રીની મુલાકાત લેતા ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલ

રાજ્યના વન અને પર્યાવરણમંત્રી કિરીટસિંહ રાણાની જાણીતા ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા હતા. અરવલ્લીના નવી શિણોલ ગામના વતની વર્ષોથી વડોદરા સ્થાયી થયેલા ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલે સમાજ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાનું યોગદાન આપવાની સાથે તેમનો વતન પ્રેમ જગજાહેર છે. તાજેતરમાં ગુજરાતના નવા પ્રધાનમંડળની રચના થઈ જેમાં કિરીટસિંહ રાણાની વન-પર્યાવરણ મંત્રી તરીકે પસંદગી થતાં ઉદ્યોગપતિ દ્વારા તેમની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

## ભિલોડાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં એક ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર સુધી પ્રતિબંધ રહેશે

મોડાસા તા.૨૨

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામમાં ફાયરીંગ બટ આવેલો છે. આ બટમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મહેસાણા પોલીસ અધિકારી/કર્મચારીઓનું સને-૨૦૨૧નું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવાનું હોઈ પોલીસ અધિક્ષકશ્રી,અરવલ્લી મોડાસા દ્વારા તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૨૧નું મંજુરી પત્ર આપેલ છે.

જે અંતર્ગત પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાના તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ પત્રથી મંજૂરી આપેલ છે. જેથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે તા.૦૧ ઓક્ટોબર થી થી તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. જે અંતર્ગત શ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીના, જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટમાં વર્ષના પ્રથમ તબક્કાનું ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી. ની ત્રિજયાના વિસ્તારમાં તા.૦૧ ઓક્ટોબર થી તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.



**ગઢા થી દીપેશ્વરી ધામ ઉંટરડાની પદયાત્રા યોજાઇ**

મોડાસા તાલુકાના ગઢા ગામથી બાયડ તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ દિપેશ્વરી ધામ ઉંટરડાની પદયાત્રા યોજવામાં આવી હતી. જાણવા મળ્યા મુજબ મોડાસાના ગઢા ગામના વાળંદ પરિવારો દ્વારા ૧૦ વર્ષથી પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે આ વખતે પણ રાકેશ વાળંદ, પ્રદીપ વાળંદ, જીતુભાઈ વાળંદ અને સુરેશભાઈ વાળંદ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રદ્ધાળુઓએ ભાદરવી પૂનમના દિવસે ઊંટરડા પહોંચીમાં દીપેશ્વરીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## ...ખુદની બેદરકારી વીજ તંત્રને ભારે પડવા લાગી

### જિલ્લામાં આડેધડ વીજલાઇનો ખેંચાતા વીજકર્મીઓને જીવનું જોખમ : સાબરકાંઠાના સલાલમાં કરંટથી કોન્ટ્રાક્ટ મજૂરનું મોત : અરવલ્લીમાં બે હેલ્પર કરંટથી દાઝ્યા

મોડાસા તા.૨૨

ઉત્તરગુજરાત વીજકંપની દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કૃષિ વિષયક અને જ્યોતિ ગ્રામ યોજનાની આડેધડ લાઈનો આપી દેવાઈ છે જેના કારણે વીજ હાદસા શરૂ થયા છે.ખુલ્લા તારમાં ક્રોસિંગ યોગ્ય રીતે ન અપાતાં ચોમાસામાં જોખમ ઉભુ થયુ છે.તંત્રની બેદરકારી ના કારણે વર્તમાન ચોમાસામાં સલાલમાં વીજ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા શ્રમજીવી નું મોત નીપજવની સાથે અરવલ્લીના બે હેલ્પર ને કરંટ લાગતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

કૃષિ વિષયક અને જ્યોતિ ગ્રામની વીજલાઈન ખેંચવામાં જિલ્લામાં ઘોર બેદરકારી ખુદ વિજવતંત્રને ભારે પડી રહી છે. કેબલ ની જ્યાં જરૂરિયાત છે ત્યાં ખુલ્લા તાર જોડી દેવાયા છે જેથી લાઈન ફોલ્ટમાં હોય તે સમયે સમારકામ કરવું જોખમી બની ગયું છે.અધિકારીઓ એક ફીડર થી બીજા ફીડરની અરસ પરસ ક્રોસ માં પસાર થતી લાઈન નું જોખમ કેટલું?

એ સારી રીતે જાણતા હોવા છતાં કેબલ ના બદલે અનેક જગ્યા એ ખુલ્લા તાર જોડી દીધા છે.તાજેતરમાં તંત્રની બેદરકારીના કારણે પ્રાંતિજ તાલુકાના સલાલ પાસે કોન્ટ્રાક્ટ ઉપર વીજલાઈન નું કામ કરનાર શ્રમજીવી દલપત સિંહ પરમારનું કરંટ થી મોત નિપજતાં હડકંપ મચી ગયો હતો જેમાં વિભાગ દ્વારા જવાબદાર કર્મચારીની બદલી કરી સંતોષ વ્યક્ત કર્યો છે બીજા બનાવમાં અરવલ્લીના આંબાબાર ગામે લાઈન રીપેરીંગ સમયે વીજપ્રવાહ બંધ કર્યો હોવ છતાં હેલ્પર ભૂપેન્દ્ર શંકર ભાઈ ભગોરા અને સવજી ભાઈ બરંડા ને કરંટ લાગતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ખુદ વીજ તંત્રની દેખીતી ભૂલો હવે વીજ હાદસાનું કારણ બનવા લાગી હોવાનો આક્ષેપ ખુદ વીજ કર્મચારીઓ કરી રહ્યા છે.

## સાબરકાંઠા બેક્ન દ્વારા ટાકાટુકા ખાતે ખેડૂત શિબીર

## ખેતીમાં ખર્ચ ઘટાડી ઉત્પાદનમાં વધારો થાય તે માટે સાબરકાંઠા બેક્ન દ્વારા કૃષિ તજજ્ઞો દ્વારા કૃષિ માર્ગદર્શન અપાય છે : મહેશભાઈ પટેલ

### સહકારી માળખું સારામાં સારૂ હોય તો ગુજરાતમાં છે : સાંસદ દીપસિંહ રાઠોડ

બાયડ તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવકમાં ડબલ થાય આર્થીક જીવાદોરીમાં તેમજ વધુમાં વધુ લાભ મળે તે માટે કેન્દ્ર સરકારે અનેક યોજનાઓ દ્વારા કામ કરી છે. ત્યારે આપણે પણ આપણા ખેડૂતો-પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખી ખેતીમાં ખર્ચ ઘટાડી ઉત્પાદન વધે તે માટે





સાબરકાંઠા બેક્ન અને ગુજરાત સ્ટેટ કો.ઓ.બેક્ન લી. અમદાવાદ દ્વારા કૃષિ તજજ્ઞો દ્વારા ખેડૂતોને કૃષિ માર્ગદર્શન આપવામાં આવે છે આજરોજ ભીલોડા તાલુકાના ટાકાટુકા ગામે તાલુકાના સેવા સહકારી મંડળી તથા દુધ મંડળીના ચેરમેન-સેક્રેટરી, ખેડૂતો માટે ખેડૂત શિબીરના સમારંભના અધ્યક્ષ સાબરકાંઠા બેક્નના ચેરમેન મહેશભાઈ પટેલે ખેડૂતોને સંબોધતા વધુમાં જણાવેલ કે, આવનારા દીવસોમાં બેક્ન સંપૂર્ણ ડીઝીટલલાઈઝેશન કરી રહી છે. જેનાથી ખેડૂતોની અનેક યોજનાઓના લાભો સીધા તેમના ખાતામાં સરળતાથી ઉપલબ્ધ થશે આજે બેક્નની ૨૭૦૦ કરોડ ડીપોઝીટ પહોંચી છે. તેમાંથી ખેડૂતોને વિવિધ પ્રકારની ધીરાણો આપી તેમના આવેલા ખર્ચઓ સરળતાથી પૂર્ણ કરી સ્વામાનભેર જીવી શકે અને આત્મનિર્ભર બની શકે તેવા અમારા પ્રયાસ રહ્યા છે.

ચેરમેન મહેશભાઈ પટેલે વધુમાં જણાવેલ કે, નાંણાકીય વ્યવસ્થા આપણે નવેસરથી ગોઠવવી પડશે આર્થીક વ્યવસ્થા ન હોય ત્યારે નબળા સમયમાં તમને કામ લાગે. તમે મારામાં અને અમારા સૌ બોર્ડ વતી વિશ્વાસ મુકયો છે ત્યારે અમારા સ્ટાફ દ્વારા શકય તમામ અલગ-અલગ ધીરાણની યોજના બનાવી તમને લાભ આપવાનો પ્રયાસ કર્યો છે જેમ કે, ખેડૂતો માટે ઘાસચારા માટે એક લાખ રૂપિયાની લોન તેમાંથી તમારી નાની મોટી મુશ્કેલીઓમાં મદદ થઈ શકે, ટાકાટુકા ગામની સેવા સહકારી મંડળી દ્વારા મકાઈના ભરડા માટે નો પ્લાન્ટ તેમજ તેમની અન્ય પ્રવૃત્તિઓની કામગીરીની મહેશભાઈ પટેલે સરાહના કરી મંડળીના ચેરમેન પટેલ શામળભાઈ કચરાભાઈ તથા તેમના તમામ સભ્યોને અભીનંદન પાઠવ્યા હતા. તેમજ કેન્દ્રમાં આપણા ગૃહમંત્રી અમીતભાઈ શાહને સહકાર મંત્રી બનાવ્યા તેનાથી અનેક બદલાવ આવશે અને વધુ લાભો મળશે તેમ જણાવેલ આ પ્રસંગે મુખ્ય મહેમાન સાંસદ દીપસિંહ રાઠોડે કેન્દ્ર અને રાજય સરકારે ખેડૂતો માટે અનેક કલ્યાણકારી કામો કર્યા છે તેમ જણાવી સાબરકાંઠા બેક્નના ચેરમેન મહેશભાઈ પટેલના માર્ગદર્શન તેમની આગવી કામ કરવાની પધ્ધતિથી બન્ને જીલ્લાના ખેડૂતોને અનેક લાભો થશે અને બેક્ન દ્વારા અનેક યોજનાઓ મુકી છે તેથી બેક્નના સૌ પદાધિકારીઓનો આભાર માનું છું અને અભિનંદન આપુ છું. આખા ભારતમાં સહકારની આગવી ઓળખ આપણા ગુજરાતમાં છે સહકારી માળખું ગુજરાતમાં શ્રેષ્ઠ છે આ પ્રસંગે સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, જીલ્લા સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેક્નના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, બેક્નના એમ.ડી.પંકજભાઈ પટેલ, ખેતીબેક્નના ગુજરાતના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહજી ચૌહાણ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ, અરવલ્લી જીલ્લા સંઘ અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, જીલ્લા ખરીદ વેચાણ સંઘના વાઈસ ચેરમેન ભીખાભાઈ પટેલ, સાબરડેરીના ડીરેકટર જેસીંગભાઈ પટેલ, ભીલોડા સહકારી જીનના ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, ભીલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાન્તીભાઈ પટેલ, જીએસી બેક્નના નિરવભાઈ, ગૌરવભાઈ કૃષિ વૈજ્ઞાનિક પી.બી.ખિસ્તરીયા, જશુભાઈ પટેલ, બેક્નના ચીફ એકઝીક્યુટીવ એચ.પી.નાયક, એડવાઈઝર હરીશભાઈ પટેલ, જનરલ મેનેજર પ્રવીણભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ તથા સહકારી આગેવાનો, ખેડૂતમીત્રો મોટી સંખ્યામાં હાજર રહેલ. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદીન અંતર્ગત કેટલ ફીડ પ્લાન્ટમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ.

### ત્રીજી લહેર નહી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

બધા રસી મૂકાવી લે, તેને ધ્યાનમાં રાખતા ભારત સરકારે વેક્સીન મૈત્રી કાર્યક્રમને ઓક્ટોબરમાં ફરીથી શરૂ કરવાની વાત કરી છે. એપ્રિલ મહિનામાં ભારત સરકારે ભારતીયોને પ્રાથમિકતા આપતા થોડા સમય માટે બીજા દેશોને રસી ડોનેટ કરવાનું કામ અટકાવ્યું હતું પરંતુ એમ્સ ડાયરેક્ટરના જણાવ્યાં મુજબ દુનિયાના કોઈ પણ દેશમાં લોકો રસી ન લઈ શકતા હોય તો તેનાથી દરેક દેશને જોખમ રહેલું છે. ડોક્ટર ગુલેરિયાનું કહેવું છે કે વાયરસ ગમે ત્યાંથી ફરીથી ફેલાઈ શકે છે.

### યુકેની મંજુરી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

યુકેની સરકારી વેબસાઈટ અનુસાર, ૪ ઓક્ટોબરથી ઓક્સફોર્ડ/એસ્ટ્રાજેનેકા, ફાઈઝર, મોડેર્ના વેક્સિનના બંને ડોઝ લેનારા લોકોને ફુલ્લી વેક્સિનેટેડ ગણીને તેમને યુકેમાં પ્રવેશ આપવામાં આવશે. આવા લોકોને ક્વોરન્ટાઈનમાં પણ નહીં રહેવું પડે. આવા દેશોમાં ઓસ્ટ્રેલિયા, બરમુડા, બાર્બાડોઝ, બહેરિન, બ્રુનેઈ, કેનેડા, ડોમિનિકા, ઈઝરાયેલ, જાપાન, કુવૈત, મલેશિયા, ન્યૂઝીલેન્ડ, કતાર, સાઉદી, સિંગાપોર, સાઉથ કોરિયા અને તાઈવાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતમાં સેકન્ડ વેવ શરુ થયો તે સમયે ૨૩ એપ્રિલ ૨૦૨૧ના રોજ યુકેએ તેને રેડ લિસ્ટમાં મૂકી દીધું હતું.

### સસ્પેન્ડ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

વ્યવસ્થા કરાવતા હતા. આ સાથે જ મોહમ્મદ રફી, જે કિશ્તવાડના રહેવાસી છે અને રોડ એન્ડ બિલ્ડિંગ ડિપાર્ટમેન્ટ તરીકે જુનિયર આસિસટન્ટ તૈનાત છે, બરતરફ કરવાની ભલામણ કરવામાં આવી છે. મોહમ્મદ રફી ભટ્ટ પર આરોપ છે કે કિશ્તવાડ જિલ્લામાં હિઝ્બુલ મુઝાહિદ્દીનના આતંકીઓને પોતાના આતંકી મનસૂબાને અંજામ સુધી પહોંચાડવા માટે જગ્યા આપતો હતો. તેની પર એનઆઈએએ પહેલા જ ચાર્જશીટ દાખલ કરી છે અને ધરપકડ પણ કરી હતી. હાલ તેઓ જામીન પર છૂટ્યા છે.

### કપડાં ધોવાની સજા

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

માટે સન્માન જાગે. સાથે સાથે કપડા ધોયા બાદ તેને ઈસ્ત્રી કરવા પડશે અને ઘરે ઘરે જઈને કપડા પાછા આપવાના રહેશે. મળતી વિગતો પ્રમાણે કોર્ટે ૨૦ વર્ષીય લલન કુમારને મહિલાઓનુ સન્માન કરવા માટે પણ ટકોર કરી હતી. કોર્ટને ખબર પડી કે, આરોપી ધોબી છે ત્યારે કોર્ટે તેને મહિલાઓના કપડા ધોવાનો આદેશ આપ્યો હતો.

### ૫૦ ટકા વરસાદ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આસપાસ રહે છે. જયારે વળતા ચોમાસે હજુ વરસાદની નોંધપાત્ર ઘટ છે. પરંતુ છેલ્લા એક સપ્તાહમાં મેઘરાજાએ મહેરબાની કરતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. શહેરમાં આજે વરસાદી વાદળો ગોરંભાયા હતા પરંતુ વરસાદ આવ્યો ન હતો દિવસ દરમિયાન ઉઘાડ નિકળતા સેકટરોમાં કેટલાક ઠેકાણે વરસાદી પાણી ઓસરી ગયા હતા. જો કે સેકટરોના કોમન પ્લોટમાં હજુ વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જેના લીધે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે.

### નહિ શકે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રજૂઆતો માટે ગાંધીનગર આવે ત્યારે તેમને મંત્રીઓ અને અધિકારીઓ મળી શકે અને ધક્કા ન ખાવા પડે તે માટે સોમવાર અને મંગળવારના રોજ તમામ મંત્રી મંડળના મંત્રીઓ અને તમામ વિભાગના અધિકારીઓએ ફરજિયાત પોતાના કાર્યાલયમાં હાજર રહેવું પડશે અને મુલાકાત આપશે.

તેમણે જણાવ્યું હતું કે સોમવાર અને મંગળવારે ધારાસભ્યો રજૂઆત માટે અધિકારીઓ પાસે જાય ત્યારે અધિકારીઓ તેમને બહાર બેસાડી ન રાખે અને તરત જ માનપૂર્વક અંદર બોલાવી તેમની રજૂઆત સાંભળશે.

તેમણે જણાવ્યું હતું કે ભૂતકાળમાં એવું ધ્યાન પર આવેલું છે કે ધારાસભ્યો તેમની રજૂઆત માટે વિભાગના અધિકારીઓ પાસે જાય ત્યારે તેમને અધિકારીઓ બહાર બેસાડી રાખતા હતા. આથી હવે સોમવાર અને મંગળવારના રોજ ધારાસભ્યો તેમની રજૂઆત માટે વિભાગના અધિકારીઓ પાસે જાય ત્યારે અધિકારીઓએ માનપૂર્વક સરળતાથી તેમને બોલાવવાના રહેશે અને તેમના કાર્યાલયની બહાર બેસાડી નહીં રાખી શકે.

હવેથી ધારાસભ્યો તેમની રજૂઆતો માટે અધિકારીઓની ચેમ્બરમાં સીધા જઈ શકશે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે આ નિર્ણય માત્ર સોમવાર અને મંગળવાર પૂરતો છે બાકીના દિવસોમાં વિભાગના અધિકારીઓની મુલાકાત માટે એપોઈન્મેન્ટ લેવાની રહેશે.